Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-15, Issue-4, March-2022
www.researchguru.net

# આઝાદી પછી વિમુક્ત જાતિઓના વિકાસ માટેના નીતિ વિષયક પ્રયાસો

**ડૉ વિનોદ સોનવણે**
આચાર્યશ્રી, બાલહંસ કોલેજ ઓફ સોશ્યલ વર્ક થવા, તા. નેત્રંગ જી.ભરૂચ

**ટૂંકસાર**
*અંગ્રેજો દ્વારા અપરાધી જાતિઓ તરીકે જાહેર કર્યા બાદ ભારતના એવા ઘણા સમુદાયો હતા, જેઓ સમાજ જીવનથી દૂર હાંસિયામાં ધકેલાઈ ગયા હતા.અપરાધી તરીકે ની છાપ લાગવાને કારણે સામાન્ય જનસમુદાય તેમને આજે પણ સ્વીકારતો નથી. આઝાદી સમયે સરકારને આ જાતિઓના વિકાસ માટેની ચિંતા થઇ હતી અને તેથી જ આવી જાતિઓના વિકાસ માટે સરકાર દ્વારા આઝાદી પછી તરત જ આયંગર કમીશનની રચના કરવામાં આવી હતી 1948માં આયંગર કમીશનથી માંડીને 2017માં ઇદાતે કમીશને આ જાતિઓના વિકાસ માટે ઘણા નીતિ વિષયક પગલા સૂચવ્યા છે. પણ કમનસીબે આઝાદીના 75માં વર્ષે પણ આ જાતિઓને આપણને ન્યાય આપી શક્યા નથી. અહી વિમુક્ત જાતિઓના વિકાસ માટે રચાયેલા વિવિધ કમિશનો અને તેની ભલામણો ના આધારે સરકારશ્રી ના પ્રયાસોને સમજવાનો પ્રયત્ન કરીશું*

***ચાવીરૂપ શબ્દો :*** *ડફેર, વિમુક્ત જાતિઓ, વિચરતી જાતિઓ, નીતિ વિષયક પગલાઓ*

---

**પ્રસ્તાવના:**

સ્વતંત્ર ભારતમાં નબળાવર્ગોના કલ્યાણ માટે વિવિધ વિભાગો અને મંત્રાલયોની રચના કરવામાં આવી છે. છતાં વિમુક્ત સમુદાયોની પરિસ્થિતિ, વિકાસ અને પુન:સ્થાપન માટેના પ્રયત્નોના અભાવને કારણે સમાજમાં તેમની સ્વીકૃતિ થઇ શકી નથી. તેઓ સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી શક્યા નથી. આઝાદી પછી વિમુક્ત જૂથોની પરિસ્થિતિ અને પ્રશ્નોના તપાસ માટે સમયાંતરે જુદી જુદી સમિતિઓ અને આયોગોની રચના કરવામાં આવી હતી. અભ્યાસના સંદર્ભમાં આ જુદાજુદા આયોગ અને સમિતિઓ દ્વારા કરવામાં આવેલ ભલામણોનું સમાજકાર્યની દ્રષ્ટીએ અહી વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરીશું. અહી મુખ્યત્વે આ સરકારના વિવિધ આયોગો દ્વારા વિચરતા અને વિમુક્ત સમુદાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયાસોની ચર્ચા કરવામાં આવી છે. નબળા વર્ગોના વિકાસ માટે વિવિધ નિષ્ણાંત સમિતિઓ દ્વારા સૂચન કરવા છતાં શા માટે નબળા વર્ગોના વિકાસ માટે પગલા લઇ શકાયા નથી તે દરેક નવા સંશોધક માટે શોધનો વિષય બની રહશે. આમ, આ શોધપત્ર નવા વિષયો સંશોધનના વિષયો તરફ દિશા નિર્દેશ કરે છે.

**અપરાધી જનજાતિ અધિનિયમ તપાસ સમિતિ- 1949 (આયંગર સમિતિ)ની ભલામણો**

1949માં શ્રી અનંથશયનમ આયંગરની અધ્યક્ષતામાં અપરાધી જનજાતિઓના અભ્યાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. અપરાધી જનજાતિ અધિનિયમ (CTA) અંગે સમગ્ર ભારતમાં શું સ્થિતિ છે? તેનો અભ્યાસ કરીને આ સમિતિએ પોતાનો રીપોર્ટ વર્ષ 1950માં રજુ કર્યો હતો. અહી આ ભલામણોને વર્તમાન સમયના સંદર્ભમાં વિશ્લેષણ કરવાનો પ્રયત્ન સંશોધક દ્વારા કરવામાં આવ્યો છે.

- આયંગર સમિતિએ 1871ના અપરાધી જનજાતિ અધિનિયમને નાબુદ કરવાની ભલામણ કરીને તેના સ્થાને સ્વભાવગત અપરાધી અધિનિયમ(Habitual Criminal Tribes Act-1952)અમલમાં મુકવાની ભલામણ કરી હતી.. આ નવા કાયદામાં જ્ઞાતિ, જન્મ કે પંથનો ભેદ રાખ્યા વગર બધાજ સ્વભાવગત ગુનેગારો પર લાગુ કરવાની ભલામણ સમિતિએ કરી હતી.આમ અહી કાયદાનું નામ બદલાયા છતાં વિમુક્ત જાતિઓ સામે કડક કાયદાકીય પગલા લેવાની ભલામણ કરવામાં આવી હતી. જે મુજબ કોઈ વ્યક્તિ પાંચ વર્ષમાં બે વાર ગુનાહિત કૃત્ય કરે તો તેને સ્વભાવગત અપરાધી ગણીને ફોજદારી કાર્યવાહી કરવાની ભલામણ આ કાયદામાં કરવામાં આવી હતી. આવી વ્યક્તિઓ માટે રહેઠાણની ફેરબદલી કે વિસ્તાર માંથી ગેરહાજર હોય તો તેણે જાણ કરવી પડશે તેમજ આંગળાની છાપ આપનાવી

રહેશે –આમ અપરાધી જનજાતિ અધિનિયમની ઘણી જોગવાઇઓનું પુનરાવર્તન અહી થયેલું જોવા મળે છે. આ ઉપરાંત અગાઉ ચોક્કસ જાતિને અપરાધી ગણવામાં આવતી હતી જયારે આયંગર કમીશન દ્વારા પાંચ વર્ષમાં બે વાર ગુનાહિત કૃત્ય કરનારને સ્વભાવગત (રીઢા) ગુનેગાર ગણવાનો માપદંડ અપનાવવામાં આવ્યો હતો..

- ગુનાહિત વ્યક્તિના બાળકોને તેમનાથી દુર રાખવાની જોગવાઈ અયોગ્ય માનવામાં આવી છે, તેમછતાં આ જોગવાઈ નાબુદ કરવામાં આવેલ નથી. બાળકોને માતા-પિતાથી અલગ રાખવાના નિયમો બનાવવાની ભલામણ કમીશન દ્વારા કરવામાં આવી છે.
- અપરાધી જનજાતિ અધિનિયમ નાબુદ કર્યા પછી નવી કાયદા વ્યવસ્થા ઉભી કરવાની ભલામણ કરી હતી જે મુજબ વિમુક્ત જાતિના સભ્યોને ગેરકાયદેસર રીતે વસાહતમાંથી પકડી ન જવા બાબતે હુકમ બહાર પાડવાની સત્તા કોર્ટને આપવાની ભલામણ કમીશન દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત તેમને પોતાની સામે થયેલ આરોપો બાબતે રજૂઆત કરવાની તક મળવી જોઈએ તેવી ભલામણ કમિશને કરી હતી. આમ ભારતીય દંડ સંહિતાની ઘણી કલમો હવે વિમુક્ત જાતિઓના કેસમાં પણ લાગુ પડશે તેવી જોગવાઈ કરવામાં આવી હતી.

સમાજકાર્ય વ્યક્તિના કલ્યાણ અને પુન:સ્થાપન પર ભાર મુકે છે આયંગર કમીશન દ્વારા પોતાના અહેવાલમાં વિમુક્ત જાતિઓના વિકાસ અને પુન:સ્થાપનના પગલા સૂચવવામાં આવ્યા છે.જે નીચે છે.

- વિમુક્ત જાતિઓની સમસ્યાઓને આર્થિક, શૈક્ષણિક અને સામાજિક રીતે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને તેમને વિકાસ માટેની યોગ્ય તકો પૂરી પાડવી જોઈએ.
- તેમના સામાજિક ન્યાય અને આદરપૂર્ણ જીવન જીવવાના દાવાનો અસ્વીકાર ના થવો જોઈએ. હકીકતમાં સમુદાયના 2 થી 3 % અથવા તેથી ઓછી વ્યક્તિઓ અપરાધી હોય છે. તેથી જેમનો કોઈ ગુનો સાબિત થયો નથી તેમની સજા રદ કરીને તેમને મુક્ત કરી દેવાની ભલામણ કમીશન દ્વારા કરવામાં આવી છે.
- પ્રથમવાર ગુનો કરનારને વ્યવસાયિક તલિમ આપીને પુન:સ્થાપન કરવાની ભલામણ કમીશન દ્વારા કરવામાં આવી છે.
- આ સમુદાયના લોકોને ગામમાં અથવા ગામથી નજીક વસાવવા પ્રયત્ન કરવા જોઈએ જેથી સમાજના અન્ય જૂથો સાથે તેમનું એકીકરણ થઈ શકે.
- તેમને યોગ્ય બાંધકામ વાળા મકાનો પુરા પાડવા જોઈએ તેમજ તેમની વસાહતમાં જઈને તેમની આજીવિકાની તકો વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ. તેમને ખેતી માટેની સુવિધા પૂરી પાડવી જોઈએ.આ સમુદાયના સભ્યો સલામત રીતે રોજગાર મેળવી શકે તે માટે રોજગાર કેન્દ્રોમાં તેમની નોંધણી કરાવવી જોઈએ.
- વસાહતોમાં શાળાઓ ખોલીને તેમજ યુવાનો અને બાળકો બંનેના શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ માટે પૂરતા પગલા લેવા જોઈએ. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની જેમ આ જૂથના સભ્યો પણ રાહત મેળવવા લાયક છે. તેમની સહકારી મંડળીઓ બનાવી તેમના વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ.
- ઓછામાં ઓછા બે વર્ષ માટે વ્યક્તિઓને વસાહતોમાં રાખવા તેમજ વસાહતોનું સંચાલન સરકારશ્રીના કલ્યાણ અને મજૂર વિભાગને સોંપવું.
- સરકાર દ્વારા વિમુક્ત જાતિઓ અંગે સર્વે કરાવી તેમની વાસ્તવિક પરિસ્થિતિ જણાવી અને તેમના સુધારણા માટેના પગલા લેવા.
- શરૂઆતના 10 વર્ષ સુધી કેન્દ્ર સરકાર આ સમુદાયોના વિકાસ માટે ઉદાર હાથે ફાળો આપવો જોઈએ. આ જુથના વિકાસ માટે 50 % યોગદાન કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને પૂરું પડવું.
- બાળકો લાંબા સમય સુધી શિક્ષણ સાથે જોડાયેલા રહે (ડ્રોપ આઉટ ના થાય) તે બાબતે ધ્યાન આપવું જોઈએ.
- આ સમગ્ર સમુદાય કેવી પરિસ્થિતિમાં જીવી રહ્યો છે, તે સમજવા માટે એક સંપૂર્ણ સર્વેક્ષણ હાથ ધરવું જોઈએ આ બાબતે ચોક્કસ માપદંડો નક્કી કરવા જોઈએ.

આમ, આયંગર સમિતિ દ્વારા ઘણી જ ઉપયોગી ભલામણો આઝાદીના શરૂઆતના વર્ષોમાં જ કરવામાં આવી હતી. અપરાધી જનજાતિ અધિનિયમ નાબુદ કરવામાં આવ્યો પણ વિમુક્ત જાહેર થયેલા સમુદાયોના પુન:સ્થાપનના કોઈ વિશેષ પગલા લેવામાં આવ્યા નહિ.રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ કે અન્ય કોઈ કારણોસર આયંગર કમીશનની બધી ભલામણોનો અમલ થઇ શક્યો નથી. વિમુક્ત સમુદાયો સામાજિક ન્યાયની પ્રાપ્તિ કરી શક્યા નથી તેમજ સમાજમાં તેમના પર લાગેલ અપરાધી તરીકેની છાપ ભૂંસવામાં સરકાર અને સામાજિક સંસ્થાઓ સફળ થઇ નથી.

**આન્ત્રોલકર કમીશન-(1950)**

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી 1950માં અપરાધી જનજાતિ અધિનિયમ નાબૂદ થયા બાદ વિચરતી અને વિમુક્ત જાતિઓના પ્રશ્નો બાબતે મુંબઈ સરકાર દ્વારા આન્ત્રોલકર કમીશનની રચના કરવામાં આવી હતી. આ કમીશને કરેલ મહત્વપૂર્ણ ભલામણો અહી અભ્યાસના સંદર્ભમાં રજુ કરવામાં આવી છે.

- આ કમિશને અપરાધી જનજાતિઓના પુનર્વસન કરવા શિક્ષણ પર ભાર મુક્યો હતો. તેમના પુન:સ્થાપન અને વિકાસ માટે સરકાર દ્વારા સહાયતા આપવા માટેની ભલામણ કરી હતી.
- કમિશને લોકસભા અને વિધાનસભામાં જનસંખ્યા પ્રમાણે વિમુક્ત જાતિઓને અનામત આપવાની ભલામણ કરી હતી.
- કમીશન દ્વારા વિચરતી વિમુક્ત જાતિઓ માટે સરકારી નોકરીઓમાં 5 % અનામત આપવાની ભલામણ કરવામાં આવી હતી.

1960 માં ગુજરાત અલગ રાજ્ય બન્યા પછીથી આપણે ત્યાં વિમુક્ત અને વિચરતા સમુદાયો બાબતે નીતિ વિષયક કોઈ જ કાર્યો થયેલા જોવા મળતા નથી. ગુજરાતના બધા જ 12 વિમુક્ત સમુદાયો અન્ય પછાતવર્ગો 146 જાતિઓની યાદી માં સમાવેશ પામે છે. તેમના માટે કોઈ અલગ વ્યવસ્થા કરવામાં આવી નથી જયારે એની તુલનાએ મહારાષ્ટ્ર સરકારે વિચરતા અને વિમુક્ત સમુદાય માટે વિશિષ્ટ 4% અનામતની જોગવાઈ કરી છે. આમ રાજકીય રીતે ગુજરાતમાં વિમુક્ત સમુદાયો પર સીધું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું નથી. તેથી તેઓ પછાત છે તેમ કહી શકાય

**વિમુક્ત જાતિઓ અંગેની કાલેલકર પંચની ભલામણો (1953)**

- એમને પ્રાથમિક, ધંધાદારી અને ઔદ્યોગિક કક્ષાએ બુનિયાદી પદ્ધતિએ શિક્ષણ આપવું જોઈએ તે ઉપરાંત ગૃહ ઉદ્યોગો, હસ્ત ઉદ્યોગો, ખેતી વગેરેનું શિક્ષણ આપવું જોઈએ.

- તેમને ટોળીઓ ન કહેવી, "ગુનાહિત" અને "ભૂતપૂર્વ ગુનાહિત" એવા શબ્દો પણ તેમને માટે ન વાપરવા તેમને માત્ર વિમુક્ત જાતિઓ કહેવી. આમ અહી કાલેલકર પંચ દ્વારા વ્યક્તિના ગૌરવને મહત્વ આપવામાં આવ્યું છે જે સમાજકાર્યનું મહત્વનું મૂલ્ય છે.
- "વિમુક્ત જાતિઓ"ની બનાવેલી યાદીઓમાં તેમનું વર્ગીકરણ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિઓ અથવા અન્ય પછાત વર્ગો પ્રમાણે કરવાની નીતિ કાલેલકર કમિશને માન્ય રાખી છે, આમ કાલેલકર પંચ દ્વારા આ વિશિષ્ટ જાતિઓને અલગ દર્શાવવાને બદલે તેમને અન્ય પછાતવર્ગોમાં મુક્યા છે તેના પરિણામે વિમુક્ત જાતિઓ પર સીધું ધ્યાન આપી શકાયું નથી. અન્ય પછાતવર્ગમાં પ્રભાવી જાતિઓ બધા લાભ મેળવી જાય છે.સમાચાર પત્ર Indian Express ના એક અહેવાલ મુજબ અન્ય પછાતવર્ગોમાં સમાવેશ પામતી જાતિઓ માંથી માત્ર 25% જાતિઓ જ અનામતનો લાભ લઇ શકે છે.જયારે અન્ય નબળી જાતિઓ અન્ય પછાતવર્ગમાં સમાવેશ પામવા છતાં યોજનાકીય લાભો મેળવી શકતી નથી.
- આ લોકોના નાના જૂથો બનાવી તેમને શહેરો અને ગામડાઓમાં વહેંચી નાખવા જોઈએ ત્યાં તેઓ બીજા લોકોના સંપર્કમાં આવશે અને તેમને જીવન પરિવર્તન કરવાની તક મળશે એમ આખરે તેઓ સમાજમાં ભળી જશે. આમ અહી પંચ દ્વારા સામાજિક સમાવેશન(social Inclusion) પર ભાર મુકવામાં આવ્યો છે. જો કે આ સામાજિક સમાવેશન કઈ રીતે કરવામાં આવશે તેની કોઈ સ્પષ્ટતા નાં હોવાથી આ બાબતે વધુ પ્રગતિ સાધી શકાઈ નથી.

- શિક્ષણ રમતો અને અન્ય રચનાત્મક પ્રવૃતિઓ સાથે તેમને નીતિનું શિક્ષણ આપવું જોઈએ. આવું પ્રમાણપત્ર તેમની પાસે હશે તો સ્થાઈ નોકરી-ધધા મેળવવામાં તેમને મદદરૂપ બની રહેશે.
- સમાજકલ્યાણના કાર્યકરો ઉપરાંત આધુનિક ગુનાશાસ્ત્ર અને શિક્ષાશાસ્ત્ર જાણનાર તથા તાલીમ પામેલા માનસશાસ્ત્રીઓ, મનોરોગ નિષ્ણાતોની સેવાઓનો ઉપયોગ રીઢા ગુનેગારોને સુધારવાના કામમાં ઉપયોગમાં લેવી જોઈએ. વ્યક્તિગત ઘટના અભ્યાસ (case study) પદ્ધતિનો વધુને વધુ ઉપયોગ કરવો જોઈએ. અહી કમીશન દ્વારા નિષ્ણાત સેવાઓ દ્વારા વિમુક્ત સમુદાયની સ્થિતિ સુધારવા પર ભાર મુક્યો છે.પણ આ ક્ષેત્રે સરકાર કે સામાજિક સંસ્થાઓ દ્વારા કોઈ નિષ્ણાંત સેવાઓનો ઉપયોગ કરવામાં આવ્યો નથી પોલીસ અને સરકારના કર્મચારીઓને વિમુક્ત સમુદાયો બાબતે વધુ તાલીમ આપીને સંવેદનશીલ બનાવવા માટે રાજ્ય સ્તરે કોઈ પગલા લીધા હોય એમ જોવા મળતું નથી.

- નવા ગુના માટે જે શિક્ષા કરવામાં આવે તેમાં માત્ર શિક્ષા કરવાનો હેતુ ન રાખતા સુધારવાનો હેતુ પણ રાખવો જોઈએ. શિક્ષાને બદલે ફરિયાદી પક્ષને વળતર આપવાની જોગવાઈ થવી જોઈએ.
- વ્યક્તિના ગુનાહિતપણા કરતા સમૂહના ગુનાહિતપણા સાથે જુદી રીતે વર્તવું જોઈએ. આવા લોકોના બાળકોને સાત વર્ષની ઉમરે તેમના માં-બાપથી અલગ પાડી યોગ્ય છાત્રાલયોમાં મુકવા જોઈએ. એમની જ્ઞાતિ પંચાયતો નાબુદ કરવી જોઈએ. એની જગ્યાએ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ સ્થાપવી જોઈએ. મંડળી માટે સરકારે મંત્રી ઉછીનો આપવો જોઈએ.

આમ સમાજકાર્યની દ્રષ્ટીએ વિચારીએ તો કાલેલકર કમીશને રોજગાર, શિક્ષણ, અને તાલીમ દ્વારા વિમુક્ત સમુદાયનું ક્ષમતાવર્ધન અને સામાજિક સમાવેશન દ્વારા વિમુક્ત સમુદાયોનાપુન:સ્થાપનને કેન્દ્રમાં રાખીને મહત્વપૂર્ણ ભલામણો કરી છે. જો કે આજ દિન સુધી આ ભલામણોની સરકાર દ્વારા કે સામાજિક સ્વીકૃતિ થઇ નથી. મહારાષ્ટ્ર રાજ્યમાં વિમુક્ત જાતિઓને અનામત આપીને સરકારે સંતોષ માન્યો છે.જયારે ગુજરાતમાં કોઈ વિશેષ કામગીરી થયેલ જોવા મળતી નથી.

### રેણુકા રે સમિતિ-1959

ભારત સરકારે શ્રીમતી રેણુકા રે .ના પ્રમુખ પદે એક સમિતિની રચના કરી. આ સમિતિએ સમાજકલ્યાણ તથા પછાતવર્ગના કલ્યાણ અંગેની યોજનાઓનું મૂલ્યાંકન કરીને તેમના માટે અમલમાં મુકાયેલ યોજનાઓમાં સુધારા વધારા સૂચવ્યા હતા.

### લોકુર સમિતિ -1965

વર્ષ 1965માં અનુસૂચિત જાતિ / જનજાતિઓની યાદીની સુધારણા અને ફેરતપાસ કરવાના હેતુથી ભારત સરકાર શ્રી બી.એન લોકુરની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. સ્વતંત્રતા પૂર્વેની વિચરતા અને વિમુક્ત સમુદાયોની ઉપલબ્ધ યાદીને બંધારણીય રીતે માન્ય ત્રણ શ્રેણીઓમાં (1) અનુસૂચિત જાતિ, (2) અનુસૂચિત જનજાતિ અને (3) અન્ય પછાત વર્ગો- માં વિભાજીત કરવામાં આવી હતી. સમિતિએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓની યાદીની સુધારણા અને ફેરતપાસની બાબતને ચુસ્ત રીતે પકડી રાખવાનો અભિગમ અપનાવ્યો હતો.

**<u>લોકુર સમિતિએ કેટલીક મહત્વપૂર્ણ ભલામણો</u>**

- આ સમુદાયોને જો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓની યાદી માંથી જુદા પાડીને એક અલગ વિશિષ્ટ જૂથ તરીકે વિકસાવવા જોઈએ.આમ અહી કાલેલકર પંચ કરતા લોકુર સમિતિ દ્વારા વિરુદ્ધનો મત રજુ કરવામાં આવ્યો છે. અન્ય જાતિઓ સાથે સમાવેશન કરવાને બદલે તેમની વિશિષ્ટ લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીને તેમના માટેની વિકાસ યોજનાઓ ઘડવાની ભલામણ લોકુર સમિતિ એ કરી હતી.
- લોકુર સમિતિ દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે વિમુક્ત સમુદાયને આદિજાતિ ગણવાને બદલે વિશિષ્ટ સમુદાય ગણીને તેમના વિકાસ માટેના પ્રયત્નો કરવા જોઈએ.
- સમિતિ એ બાબતે સજાગ હતી કે વિવિધ સમુદાયોની યાદી અવ્યવસ્થિત છે કોઈ એક સમુદાય એક રાજ્યમાં અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખાય છે તો બીજા રાજ્યમાં

અનુસૂચિત જાતિ તરીકે અથવા તો અન્ય પછાત વર્ગ તરીકે ઓળખાય છે.આમ રાજ્યવાર અલગ અલગ સ્થિતિ તેમના વિકાસને અટકાવે છે તેથી બધી યાદીઓને અભ્યાસ કરીને વિમુક્ત સમુદાયની અલગ યાદી બનાવવી જોઈએ.

- સમિતિના મતે વિચરતા વિમુક્ત સમુદાયના ઉદભવનું કારણ જ સમુદાયોની અવ્યવસ્થિત સ્થિતિ છે. તેથી જ તેમનામાં જુદા-જુદા રાજ્યો પ્રમાણે આદિજાતિની લાક્ષણિકતાઓ, પરંપરાગત અસ્પૃશ્યતા, ભટકતા જીવનના લક્ષણો તેમજ અસમાજિક પ્રવૃતિઓનો વારસો જોવા મળે છે. સામાન્ય રીતે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટેની વિકાસ યોજનાઓ વિચરતા વિમુક્ત સમુદાયો માટે લાભદાયી નહિ બને. તેથી તેમના માટે અલગથી વિકાસ યોજનાઓ ઘડવી જોઈએ.

આમ લોકુર સમિતિ વિમુક્ત સમુદાયોને વિશિષ્ટ જૂથ તરીકે વિકસાવવાની ભલામણ કરે છે.

**અનંત રામન કમીશન(1968)**

શ્રી અનંતરામનની અધ્યક્ષતામાં એક કમીશનની નિમણૂક કરવામાં આવી હતી. કમિશનનું મુખ્ય કાર્ય આંધ્રપ્રદેશમાં સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ માટેના માપદંડ નક્કી કરવાનો તેમજ તે અંગેની યાદી તૈયાર કરવાનું હતું. આ ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉત્કર્ષ માટે શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીમાં અનામતની ભલામણ કરવાનું હતું.

આ કમિશને 93 સમુદાયોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં મુક્યા હતા.તેમજ તેમના માટે વ્યવસાયિક શિક્ષણની સંસ્થાઓ તેમજ નોકરીમાં 30% અનામતની ભલામણ કરી હતી. 93 સમુદાયોને A,B,C અને D એમ કુલ ચાર જુથમાં વહેચીને અનામત લાગુ કરવાની તેમણે ભલામણ કરી હતી. પ્રથમ તબક્કે અનામત 10 વર્ષ માટે અમલમાં રહેશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. આમ, કમિશને અનામતની સમીક્ષા કરવાનો અવકાશ રાખ્યો હતો. સરકારે કમીશનનો અહેવાલ તા.30/09/1970ના ઠરાવ થી સ્વીકાર્યો હતો જેમાં 25% અનામત લાગુ કરવાનું સરકાર દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું જો કે આ કમીશનની જોગવાઈઓને આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. જેને પછીથી રદ કરવામાં આવેલ છે.

**આંધ્રપ્રદેશ પછાતવર્ગ કમીશન (1968)**

આંધ્રપ્રદેશ સરકારના પરિપત્ર ક્રમાંક 870/ Education/ 12th april,1968 અન્વયે આંધ્રપ્રદેશ ઉચ્ચ ન્યાયાલયના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી મનોહર પ્રસાદની અધ્યક્ષતામાં આંધ્રપ્રદેશ પછાતવર્ગ કમીશનની રચના કરવામાં આવી હતી. આ કમિશને આંધ્રપ્રદેશમાં વસવાટ કરતા જુદાજુદા પછાતવર્ગોની અગાઉ બનેલી યાદીઓ પુનઃસંશોધિત કરી હતી. અહી અભ્યાસના સંદર્ભમાં સંશોધકે માત્ર વિમુક્ત જાતિઓની ચર્ચા કરી છે.

આઝાદી પૂર્વે આંધ્રપ્રદેશ મદ્રાસ રાજ્યનો ભાગ હતો, પણ 1953માં આંધ્રપ્રદેશ રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ મદ્રાસ રાજ્યની વિમુક્ત જાતિઓની યાદીમાંથી આંધ્રપ્રદેશ રાજ્યની વિમુક્ત જાતિઓ માટેની અલગ યાદી બનાવવામાં આવી હતી. આઝાદી પૂર્વેના તેલંગાના ક્ષેત્રની વિમુક્ત જાતિઓને પછીથી આંધ્રપ્રદેશ પ્રદેશમાં સમાવી લેવામાં આવી હતી. 1968 સુધી આંધ્રપ્રદેશ સરકારે માત્ર કેટલીક વિમુક્ત જાતિઓને જ B.C.(backward class) માં મૂકી હતી. પરંતુ મજુરી કરનાર, ભીખ માંગીને ગુજરાન ચલાવનાર એવી ઘણી જાતિઓ હતી કે જે આજીવિકાને અભાવે ચોરી કરતા હતા. તેમની ચોરીની આદતને કારણે તેઓ સમાજમાં ભળી શકતા ન હતા તેમજ સમાજ માન્ય વ્યવસાય કરી શકતા ના હતા આ બધી જ જાતીઓનું વિમુક્ત જાતી તરીકે સમાવેશન કરવાની ભલામણ આંધ્રપ્રદેશ પછાતવર્ગ કમિશને કરી હતી.

હાલમાં જે સમુદાયમાં વિચરતા અને વિમુક્ત સમુદાય તરીકેની લાક્ષણિકતાઓ જોવા મળી છે. તે જાતિઓને જ આ યાદીમાં રાખી છે જયારે બાકીની જાતિઓને યાદી માંથી બાદ કરવામાં આવી છે. વિચરતા વિમુક્ત સમુદાય માટે કોઈ વિશિષ્ટ નહિ પણ અન્ય પછાત વર્ગો માટેની યોજનાઓનો લાભ આપવામાં આવે છે. આ ઉપરાંત હાલમાં તેલંગાના રાજ્ય અલગ પડતા સ્થાનિક વિચરતા વિમુક્ત સમુદાયોની અલગ યાદી બનાવવાની જરૂરિયાત ઉભી થઇ છે. આમ કોઈપણ સમુદાયના વિકાસ માટેના પ્રયત્નો કરવા હોય તો તે અંગે ચોક્કસ

માહિતી હોવી જરૂરી છે ભારતના દરેક રાજ્યમાં વિચરતા વિમુક્ત સમુદાયોની સંખ્યા, તેમની લાક્ષણિકતાઓ અને સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સંદર્ભે સંશોધન અભ્યાસો હાથ ધરવા જોઈએ.

**ટેકનીકલ સલાહકાર જૂથની ભલામણો 2006**

ભારત સરકાર દ્વારા વિચરતા વિમુક્ત સમુદાયની પરિસ્થિતિનો અભ્યાસ કરીને ભલામણો કરવા પ્રો.ગણેશ દેવીની અધ્યક્ષતામાં(technical Advisory Group-TAG)ની રચના કરવામાં આવી હતી. આ સલાહકાર જૂથે વિચરતા વિમુક્ત સમુદાયના અધિકારો, સુરક્ષા વ્યવસ્થા, વિસ્થાપન ન કરવાની ખાતરી, નુકશાન સામે વળતરના ધોરણો, મતદાર તરીકેના અધિકારો, મોબાઈલ વોટીંગ, જંગલમાં પશુ ચરાવવા માટેના આધિકારો, વસાહતના હક્કો, જન્મ પ્રમાણપત્ર આપવા,

મહિલાઓની સુરક્ષા, શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થાઓ લોકશાહી સમાજ વ્યવસ્થામાં તેમનું પ્રતિનિધિત્વ તેમજ તેમના કલ્યાણ માટે ભલામણો કરી છે.

આ સલાહકાર જૂથની ભલામણોને એક દશક કરતા વધુ સમય પ્રસાર થઇ ગયો છે. હવે રાષ્ટ્રીય આયોગની રચના કરવામાં આવી છે તેમજ પ્રારંભિક આંકડા મેળવવા અંગેના પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. જો કે સલાહકાર જૂથની મોટાભાગની ભલામણોનો અમલ કરવાનું હજી બાકી છે.

વધુ સારું સામાજિક સમાયોજન, વધુ સારી કાર્યાત્મકતા, ઉધ્વગામી વિકાસ અને સામાજિક ન્યાયની પ્રાપ્તિ –આ ચાર સમાજકાર્યના મુખ્ય ધ્યેયો છે. સલાહકાર જૂથ દ્વારા કરવામાં આવેલી ભલામણો આ ચારે ઉદેશ્યોની પ્રાપ્તિ કરવા નવા આયોજનો અને અમલીકરણ કરવાની ભલામણ કરે છે. પણ વિવિધ કમિશનોની ભલામણોનો અસરકારક અમલ ન થતા વિમુક્ત સમુદાયો બાબતે આપણે સમાજકાર્યના દયેયોની પ્રાપ્તિ કરી શક્યા નથી.

**રેનકે કમીશન અહેવાલ -2008**

જુન 2008માં "વિમુક્ત, વિચરતા અને અર્ધ વિચરતી જાતિઓ માટેના રાષ્ટ્રીય આયોગ" દ્વારા બાલકૃષ્ણ રેનકે ની અધ્યક્ષતામાં એક એહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ અહેવાલના પ્રથમ ભાગમાં જુદાજુદા રાજ્યોમાં વિમુક્ત, વિચરતા અને અર્ધ વિચરતા જૂથોની વસ્તી, સામાજિક આર્થિક પરિસ્થિતિ, પરંપરાગત વ્યવસાયો, વ્યવસાયો છોડવાના કારણો, લિંગભેદની સ્થિતિ તેમજ આ જૂથોના ઐતિહાસિક પરિપ્રેક્ષની ચર્ચા કરવામાં આવી છે.

જયારે ભાગ 2 માં આયોગ દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં જ્યાં NT/ DNTની વસ્તી છે તેવા સ્થળોની મુલાકાત લઈને માહિતી એકત્ર કરવામાં આવી છે જેમાં જમીનની માલિકી, આર્થિક સમાવેશન, એટ્રોસિટી, જાતિ પંચાયતો, કાયદાની અસરકારકતા તેમજ વંચિતતા જેવા કારણો સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ અભ્યાસ સમગ્ર ભારતનો હોવાથી ઘણો જ વિવિધતા સભર છે. સમગ્ર ભારતનો અભ્યાસ હોવાથી તેના કારણો કોઈ એક રાજ્ય માટે લાગુ કરી શકાય નહી તેમછતાં ગુજરાત રાજ્યની સ્થિતિ સમજવા પ્રાથમિક માર્ગદર્શન મળી રહે છે. સમગ્ર દેશમાં વિમુક્ત સમુદાયોની સ્થિતિ કેવી છે. તે સમજવા ઉપયોગી બની રહે છે. ભારત સરકાર દ્વારા વિચરતા અને વિમુક્ત સમુદાય માટે સ્થાપવામાં આવેલ રાષ્ટ્રીય આયોગનો આ પ્રથમ આધારભૂત અહેવાલ છે. જો કે સરકાર દ્વારા આ અહેવાલમાં દર્શાવવામાં આવેલ ભલામણોનો અમલ એક દાયકો પ્રસાર થયા પછી પણ કરેલ નથી.

**રાષ્ટ્રીય સલાહકાર પરિષદનું કાર્યજૂથ 2011**

વિમુક્ત સમુદાયની ભૂતકાળની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને અતિ પછાત અને વંચિપણા માંથી બહાર લાવવા કાર્યજૂથ દ્વારા કેટલીક ભલામણો કરવામાં આવેલ છે. આ કાર્યજૂથ દ્વારા વિમુક્ત સમુદાયના મહત્વના પ્રશ્નોની ઓળખ કરવા માટે બે રાષ્ટ્રીય કક્ષાના પરામર્શન (consultation)નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આમંત્રિતોમા સમુદાયના સભ્યો, મંત્રાલયના અધિકારીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, એકેડેમિક નિષ્ણાતોનો સમાવેશ થતો હતો. આ રાષ્ટ્રીય કન્સલ્ટેશનના અંતે વિવિધ નિષ્ણાતો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ કાર્ય જૂથ દ્વારા નીચે જણાવેલ મુદ્દાઓ સંદર્ભે મહત્વપૂર્ણ ભલામણો કરેલ છે. જોકે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય કાર્યજૂથની ભલામણોને

ગંભીરતાથી લઈને કોઈ વિશેષ યોજનાઓ કે નીતિઓનું ઘડતર કર્યું નથી. આ કાર્યજૂથ દ્વારા નીચે મુજબના પગલા સૂચવવામાં આવ્યા હતા.

- કાનૂની પગલાઓ (Legislative Actions)
- નીતિ વિષયક માહિતી (Policy Issue)
- સસ્થાકીય ગોઠવણ (Institutional Arrangement )
- કાર્યક્રમ/યોજનાકીય રીતે ક્ષમતાવર્ધન અને ધ્યેય નિર્ધારણ (strenthening and Targeting)
- વહીવટી પગલાઓ (Administrative Measures)

વિચરતા વિમુક્ત સમુદાયોને કાનૂની સુરક્ષા મળી રહે, તેમના વિકાસ માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર સ્તરે નીતિ વિષયક પગલા લઈને આયોજનો કરવામાં આવે, કેન્દ્રીય સ્તરથી માંડીને છેવાડા સુધી સરકારી અને બિનસરકારી સંસ્થાઓના માધ્યમથી આ સમુદાયોના વિકાસ માટે એક ચોક્કસ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવે તેમજ વિચરતા વિમુક્ત સમુદાયોનું ક્ષમતા વર્ધન કરવામાં આવે. વિમુક્ત સમુદાય સાથે કામ કરનારા અધિકારીઓ આ સમુદાયના અધિકારો અંગે સંવેદનશીલ બને અને તેમને યોગ્ય સેવાઓ મળી રહે તે માટે કાર્ય કરવાનું સુચનો આ નિષ્ણાંત જૂથ દ્વારા કરવામાં આવ્યા છે.

**Report-Voice of the DNT/NT Communities in India"-2016**

વર્ષ-2015-16 દરમ્યાન કમિશને ભારતના 29 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોના DNT/NT સમુદાયોને મળીને તેમના પ્રશ્નો જાણવાનો તેમજ તેમના વિકાસ માટે તેમની રજુઆતો સમજવાનો પ્રયત્ન કર્યો હતો. જુદા જુદા સમુદાયો પાસેથી કમિશનને કુલ 834 ફરિયાદો મળી હતી, જેમાંથી સૌથી વધુ ફરિયાદો મહારાષ્ટ્ર(492) માંથી મળી હતી જ્યારે 75 ફરિયાદો સાથે ઉત્તરપ્રદેશ બીજા ક્રમે 68 ફરિયાદો સાથે ગુજરાત ત્રીજા ક્રમે અને 44 ફરિયાદો સાથે તેલંગાણા ચોથા ક્રમે જોવા રહ્યું હતું.કમિશને મુલાકાત દરમ્યાન સ્થાનિક સમુદાયો અને DNT/NT ક્ષેત્રે કાર્યરત સ્થાનિક આગેવાનોને મળ્યા હતા અને તેમની ફરિયાદો સાંભળી હતી. કમિશનને જે ફરિયાદો મૂલાકાત દરમ્યાન મળી હતી તે ફરિયાદ સાથે સંકળાયેલ જે-તે વહીવટી તંત્ર (સમાજકલ્યાણ/ કલેકટર/ ડીડીઓ) વગેરેને સોંપવામાં આવી હતી અને તેમની ફરિયાદોનું ઝડપી નિવારણ થાય તે માટે કમીશન દ્વારા ભલામણ કરવામાં આવી હતી. Voice of the DNT/NT Communities in India-રીપોર્ટ કમીશન દ્વારા વિચરતા વિમુક્ત સમુદાયોના પ્રશ્નો અને અધિકારો બાબતે કરવામાં આવેલ દરમ્યાનગીરી અંગેનો દસ્તાવેજ છે. સમાજકાર્યના મૂલ્યો સમાજના નબળાવર્ગોને સામાજિક ન્યાયની પ્રાપ્તિ માટેની ભલામણ કરે છે. આ અહેવાલ વિમુક્ત જાતિઓની ફરિયાદોના નિવારણ બાબતે સરકાર દ્વારા પહેલ કરવામાં આવી હતી જો કે અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો સંદર્ભે અસરકારક અમલનો અભાવ જોવા મળ્યો હતો.

**Report-Draft List of De-notified tribes, Nomadic Tribes and Semi Nomadic Tribes of India-2016**

વિચરતા અને વિમુક્ત સમુદાયોની ચોક્કસ સંખ્યા બાબતે કોઈ ચોક્કસ અંદાજ ન હોવાથી સૌપ્રથમ આવા સમુદાયોની સંખ્યા બાબતે માહિતી મેળવવાનો પ્રયત્ન કમીશન દ્વારા કરવામાં આવ્યો હતો. આયંગર સમિતિ 1949, રેણકે કમીશન 2008, મહાશ્વેતા દેવી અને પ્રો, ગણેશ દેવી જેવા સામાજિક કાર્યકરો દ્વારા જાહેર કરવામાં આવેલ યાદી, SC/ ST અને OBC માં સમાવેશ ન પામતા હોય તેવા વિચરતા વિમુક્ત સમુદાયોની યાદીઓને આધારે ભારતના જુદાજુદા રાજ્યોમાં વસવાટ કરતા વિચરતા વિમુક્ત સમુદાયોની યાદી તૈયાર કરવામાં આવી હતી. રાષ્ટ્રીય આયોગ દ્વારા કેન્દ્ર શાસિત પ્રદેશો આંદામાન અને નિકોબાર તેમજ લક્ષદ્વીપ પાસેથી તેમને ત્યાં વસવાટ કરતા વિચરતા વિમુક્ત સમુદાયોના નામ અને સંખ્યા જાણવાનો પ્રયત્ન કર્યો છે. આમ સમગ્ર ભારતમાં રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ પ્રમાણે વિચરતા/વિમુક્ત સમુદાયોની સંખ્યા કેટલી છે તેનો સર્વેક્ષણ અભ્યાસ કર્યા પછી સરકારે વર્ષ 2016માં આ અંગેની માહિતી ઉપરોક્ત જણાવેલ શીર્ષક હેઠળ પ્રકાશિત કરેલ છે.

**Report-Denotified, Nomadic and Semi Nomadic Tribes-A search for New Hope-2016**

આ અહેવાલ વિમુક્ત અને વિચરતી જાતિઓ માટેના રાષ્ટ્રીય આયોગ દ્વારા માર્ચ-2016માં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં પ્રથમ પ્રકરણમાં વિચરતા અને વિમુક્ત સમુદાયો કોણ છે તેનો ટૂંકો પરિચય આપવામાં આવેલ છે. આ ઉપરાંત રેનકે કમીશનનો આધાર લઈને ભારતમાં વિચરતા

વિમુક્ત સમુદાયની કુલ વસ્તીના આંકડા રજુ કરવામાં આવ્યા છે જે મુજબ ભારતના જે 15 રાજ્યોની માહિતી ઉપલબ્ધ થઇ છે તેમાં 334 વિમુક્ત જૂથો જોવા મળ્યા છે જેમની કુલ વસ્તી 4,37,23,034 તેવી જ રીતે ભારતમાં 809 વિચરતા જૂથો છે, જેમની કુલ વસ્તી 40459137 છે. આ અહેવાલમાં વિચરતા વિમુક્ત સમુદાય માટેના રાષ્ટ્રીય આયોગની રચના, કાર્યો, સસ્થાકીય માળખું, વગેરે વિશેની વિગતો આપવામાં આવેલ છે. આયોગની રચના પછી સમગ્ર ભારતમાં ક્ષેત્રકાર્ય કરીને આયોગ દ્વારા વિચરતા વિમુક્ત સમુદાયો વિશેની માહિતી મેળવવા થયેલા પ્રયત્નોની રજૂઆત કરવામાં આવી છે. આયોગને મળેલી ફરિયાદો, તેના નિવારણ માટેની વ્યૂહરચના, કાર્ય આયોજન, જુદાજુદા કાર્ય જૂથોની રચના, આયોગના ધ્યાને આવેલ જુદાજુદા નીતિ વિષયક પ્રશ્નો અને આ પ્રશ્નોના નિવારણ માટે આયોગ દ્વારા કરવામાં આવેલ ભલામણોની ચર્ચા આ અહેવાલમાં કરવામાં આવેલ છે. આમ વર્ષ 2016 સુધી સરકારશ્રી દ્વારા મુખ્યત્વે વિચરતા વિમુક્ત સમુદાયો અંગે માહિતી એકત્રીકરણ અંગેના પ્રયત્નો થયા છે તેમછતાં હજુ આ દિશામાં મેળવેલ માહિતીને આધારે નક્કર કાર્યયોજનાનું અમલીકરણ થયેલ જોવા મળતું નથી.

**Idate Commission 2017**

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળ જાન્યુઆરી 2015માં શ્રી ભીખુ રામજી ઇદાતેના અધ્યક્ષપણા હેઠળ ઇદાતે કમીશનની રચના કરવામાં આવી છે. આ કમિશને વર્ષ 2017માં પોતાનો અહેવાલ રજુ કર્યો હતો. આ સંશોધન અહેવાલ 4 વિચાગોમાં વિભાજીત કરવામાં આવ્યો છે. જેમાં ભાગ-1માં વિચરતા વિમુક્ત સમુદાયોની સામાજિક આર્થિક સ્થિતિ, અપરાધી જનજાતિ અધિનિયમનો ઉદભવ અને તે પછીની સ્થિતિ, પૂર્વે થયેલા અભ્યાસોની સમીક્ષા તેમજ જુદાજુદા રાજ્યો દ્વારા હાથ ધરવામાં આવેલા કાર્યક્રમો અને નીતિઓની છણાવટ કરવામાં આવી છે. ભાગ-2 માં પદ્ધતિશાસ્ત્ર અને અભિગમો તેમજ કમીશન દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત રજુ કરવામાં આવી છે. ભાગ-3 માં અહેવાલના તારણો અને ભલામણોની રજૂઆત કરવામાં આવી છે. ભાગ-4 બિડાણ છે જેમાં ઇદાતે કમિશને બનાવેલી વિચરતી, અર્ધ વિચરતી અને વિમુક્ત જાતિઓની યાદી, SC/ST/OBC માં સમાવેશ ના પામેલ હોય તેવી વિચરતી વિમુક્ત અને અર્ધ વિચરતી જાતિઓની યાદી તેમજ અભ્યાસ માટે ઉપયોગમાં લીધેલ પ્રશ્નાવલી મુકવામાં આવી છે.

**<u>ઇદાતે કમીશનની ભલામણો અહી ટૂંકમાં સમજવાનો પ્રયત્ન કરીએ.</u>**

- વિચરતી અને વિમુક્ત જાતિઓના વિકાસ માટે કાયમી રાષ્ટ્રીય પંચની રચના કરવી.
- જુદા વિભાગની રચના કરવી તેમજ IAS કક્ષાના જુદા ડાયરેક્ટર ફાળવવા
- ભારતના જુદાજુદા રાજ્યોમાં ઘણી જાતિઓ SC/ST/OBC એવા જુદા જુદા વર્ગોમાં સમાવેશ પામે છે તેથી આવી વિસંગતતાઓ દુર કરવી.
- વિચરતા/વિમુક્ત સમુદાયોની વસ્તીનો ચોક્કસ ખ્યાલ મેળવવો અને આ માહિતીનો ઉપયોગ તેમના માટેની વિકાસ યોજનાઓ ઘડવામાં કરવો.
- વિચરતા વિમુક્ત સમુદાયોની ચોક્કસ વ્યાખ્યા નક્કી કરવી.
- સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ દરેક સ્તરે તેમનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવું.
- બંધારણીય રીતે તેમના અધિકારોનું રક્ષણ કરવું. તેમની કળા સંસ્કૃતિ, વારસો અને હસ્ત કારીગરીની જાળવણી કરવી. તેમના માટે અલગ અનામત કોટા ફાળવવો.

## સંદર્ભ


1. Renke Commission Report-2008 –p -3 http://socialjustice.nic.in/writereaddata/UploadFile/NCDNT2008-v1%20(1).pdf
2. Subba rao M.(2013) understanding denotified ,action aid,p-36-48
3. www.sje.gujarat.gov.in/directordevelopingcaste/ (19th august,2019)
4. https://en.wikipedia.org/wiki/Reservation_in_India#Maharashtra (19th august,2019)
5. Subba rao S.(2004) understanding Denotified ,action aid, India p-45
6. solanki & Nayak (1995)pachhat vargo vishe be manano,Gujarat vidyapith publication Ah.bad-p56
7. indian Express 19th july,2018-p-6

8. patel mittal(2006) ગુજરાતના વિચરતા વિમુક્ત સમુદાયો-221
9. Report(2008) NCDNSNT Vol.1 p-4-5
10. Subba rao M.(2013) understanding denotified, secunderabad .action aid,p-45
11. TAG report -2006
12. Report-NCDNT, p-54-55,74-77
13. https://nomadsgroup.files.wordpress.com/2010/04/dnt_draft.pdf
14. http://socialjustice.nic.in/writereaddata/UploadFile/Draft%20List%20of%20Denotified%20Tribes%20for%20Mail.pdf
15. http://socialjustice.nic.in/writereaddata/UploadFile/Draft%20List%20of%20Denotified%20Tribes%20for%20Mail.pdf
16. http://socialjustice.nic.in/writereaddata/UploadFile/Voices%20of%20The%20DNT_NT%20for%20Mail.pdf
**17.** http://socialjustice.nic.in/Home/SiteSearch?Search=IDATE%20COMMISSION